વીજ જોડાણ માટે અગ્રિમતા મેળવેલ
લાભાર્થીના નામ પ્રદર્શિત કરવા અંગે

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : અછત-૧૦૨૦૦૧-૨૦૨૫-સ.ર.
સચિવાલય, ગાંધીનગર.
તા.૨-૧૧-૨૦૦૧

વંચાણે લીધા : (૧) ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગનો તા.૨૮-૨-૨૦૦૦નો ઠરાવ ક્રમાં : અછત-૧૦૨૦૦૦-૩૧૪-ક.૧.
(૨) નર્મદ, જળ સંપત્તિ અને પાણી પૂરવઠા વિભાગનો તા.૧૬-૧૦-૨૦૦૦નો ઠરાવ કઉમાંકઃ અછત-૧૦૨૦૦૦-૧૪૮૮-ખ.૪.
(૩) મહેસૂલ વિભાગનોતા.૪-૧૨-૨૦૦૦નો ઠરાવ ક્રમાંકઃઅછત/૧૦૨૦૦૦-૪૧૬૧-સ.૧.

આમુખઃ

પીવાના પાણીની તંગી નિવારવા જે ખેડૂતો પોતાના બોર/કુવામાંથી ટેન્કર ભરવા પાણી વિનામૂલ્યે આપવા સંમત હોય તેવા ખેડુતોને ક્રમઃ (૧) અને (૨) સામે દર્શાવેલ ઠરાવથી આઉટ ઓફ ટર્ન વીજ જોડાણ આપવામાં આવે છે. તથા ક્રમ(૩) ના ઠારવથી ઘાસચારો ઉગાડવા મફત પાણી આપવા વીજ જોડાણમાં અગતા આપવા જણાવવામાં આવેલ છે. તે મુબજ આ પદ્ધતિથી વીજ કનેક્શન મળ્યાના દશ વર્ષ સુધી અછતના સમયમાં પીવાના પાણીની તંગી ઉભી થાય અને ટેન્કરો મારફતે કે અન્ય રીતે ગામને પાણી પુરું પાડવાની જરૂરિયાત ઉભી થાય તેવા પ્રસંગે જે તે ખેડૂતોના કુવામાંથી પાણીના ટેન્કરો ભરવા માટે તેમનાકુવાના પાણીનો ઉપયોગ કરી શકાયછે. આમ છતાં અછતના વર્ષો દરમિયાન તેમના કુવામાંથી પીવાના પાણી માટે ટેન્કરો ન ભરાયા હોય તેવા દાખલા સરકારના ધ્યાને આવેલ છે.

પરિપત્ર :

આ યોજનાનો લાભ કોણે મેળવેલ છે તેની પ્રજાજનોને તથા અધિકારીઓને જાણ થાય તેથી અછત વર્ષોમાં અગ્રતાના ધોરણે વીજ જોડાણ મેળવનાર ખેડૂતોના નામ/ગામના નામ જે તે કરારની શરતો મુજબ દશ વર્ષ સુધી પાણી પુરું પાડવા તેની વિગતો સાથે તાલુકાની મામલતદાર કચેરી, તાલુકા વિકાસ અધિકારીની કચેરી તેમજ તાલુકાની ગુજરાત વિદ્યુત બોર્ડની કચેરી ખાતે સર્વે લોકોને જોઈ શકાય, વાંચી શકાય તે રીતે એક નોટીસ બોર્ડ ઉપર પ્રદર્શિત કરવાના રહેશે. આ પ્રકારની કાર્યવાહી દર વર્ષે કરવી જેથી અદ્યતન માહિતી નોટીસ બોર્ડ ઉપર ઉપલબ્ધ થઈ શકે. જે તે લાભાર્થી અછતના સમયમાં તેના કરાર અન્વયે બોર/કુવાનું પાણી પ્રથમ ગામના લોકો માટે પીવાના પાણીના હેતુ માટે રાખવાનું રહેશે અને ત્યારબાદ જ તેનો ઉપયોગ પશુઓ માટે ઘાસચારો ઉગાડવા / ખેતીના પાકની સિંચાઈ કે અન્ય હેતુ માટે કરી શકશે.

આ હુકમો ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ તથા નર્મદા, જળસંપત્તિ અને પામી પૂરવઠા વિભાગની અનુક્રમે તા.૨૭-૧૦-૨૦૦૧ તથા તા.૩૦-૧૦-૨૦૦૧ થી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(બી.એ. પાઠક)
નાયબ સચિવ,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય રા.ક. મંત્રીશ્રી (મહેસૂલ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીીઓના રહસ્ય સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના રહસ્ય સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિદ્યુત બોર્ડ, વડોદરા. (જરૂરી સૂચનાઓ બહાર પાડવાની વિનંતી સહ)
- સર્વે અગ્ર સચિવશ્રીઓ/અધિક મુખ્ય સચિવશ્રીઓ/સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (મહેસૂલ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
- રાહત કમિશ્નરશ્રીના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે સંસદસભ્યશ્રીઓ/ધારાસભ્યશ્રીઓ (કલેક્ટરશ્રી મારફત આપના વિસ્તારના સંસદસભ્ય તથા ધારાસભ્યશ્રીઓને જાણ કરવાની વિનંતી સહ)
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- રાહતનિયામકશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય ગાંધીનગર
- નિયામકશ્રી, સ્વૈચ્છિક સંસ્થાઓ, શાહીબાગ એનેક્ષી, અમદાવાદ.
- સર્વે કલેક્ટરશ્રીઓ. (વધારાની ૧૦ નકલો સાથે)
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
  (વધારાની ૧૦ નકલો સાથે)
- આપના જિલ્લાના સર્વે મામલતદાર/તાલુકા વિકાસઅધિકારીને અમલવારી અંગેની સૂચના આપવા સહ
- મુખ્ય ઈનેજરેશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય ઈજનેરશ્રી, સિંચાઈ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- માર્ગ અને મકાન વિભાગ/પંચાયત/સિંચાઈ વિભાગના સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓને જાણ કરવાની વિનંતીસહ. (વધારાની પાંચ નકલો સહિત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- હિસાબી અધિકારીશ્રી, આર.એ.સેલ., રાહત નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ, ક-૧ શાખા, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, નર્મદા, જળસંપત્તિ અને પાણી પૂરવઠા વિભાગ, ખ-૪શાખા, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, મહેસૂલ વિભાગ, સ.૧ શાખા, સચિવાલય, ગાંધીનગર
- મહેસૂલ વિભાગ, અછત પ્રભાગની તમામ શાખાઓ.
- વિશિષ્ટ ફાઈલ.